MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

# પર્યાવરણ સુરક્ષા અંગે ન્યાયિક સક્રિયતા

**Dr. Parvez M. Bloch,** In charge Principal, Law College - Junagadh

સારાંશ :

માનવ જીવન અને પર્યાવરણ વચ્ચે અતૂટ સંબંધ છે. શુદ્ધ હવા, શુદ્ધ પાણી, શુદ્ધ પર્યાવરણ પ્રાપ્ત થવું એ દરેક વ્યક્તિનો મૂળભૂત અને માનવ અધિકાર છે જેની ભારતના બંધારણના અનુચ્છેદ 21 માં જીવન જીવવાના મૂળભૂત અધિકારો દ્વારા ખાતરી આપવામાં આવી છે. પર્યાવરણ પ્રદૂષિત થાય તો તેની અસર માનવજીવન પર થાય જીવન જીવવાના અધિકારનો ભંગ થાય જેથી અનુચ્છેદ 226 અંતર્ગત હાઇકોર્ટ અને અનુચ્છેદ 32 અન્વયે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી શકાય જે વ્યક્તિ દ્વારા માનવ અધિકારનો ભંગ થયો હોય તે વ્યક્તિને કે સરકારને યોગ્ય રીટ દ્વારા દિશા નિર્દેશ અથવા આદેશો હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જ્યાં રીટ થયેલ થઈ હોય તે હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા રીટમાં માંગવામાં આવેલ ઉપાય અને જે તે કોર્ટમાં યોગ્ય લાગે એવા કોઈપણ ન્યાયિક આદેશો આપી શકે છે. આવા પ્રકારના નામદાર હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા પર્યાવરણ રક્ષણ સંદર્ભમાં આપવામાં આવેલા હુકમોને ન્યાયિક સક્રિયતા કહી શકાય છે જેનાથી ભારતના દરેક નાગરિકને શુદ્ધ હવા, શુદ્ધ પાણી અને શુદ્ધ વાતાવરણ મળી રહે તેવા પ્રયાસો અને આદેશો વખતો-વખત ન્યાયપાલિકા દ્વારા સરકારને અને દેશના નાગરિકોને કરવામાં આવેલા છે.

**પર્યાવરણ સુરક્ષા અંગે ન્યાયિક સક્રિયતા :**

પર્યાવરણીય સંરક્ષણ માટે ન્યાયિક સક્રિયતા - સંસદે પર્યાવરણ સંબંધિત વિવિધ અધિનિયમો પસાર કર્યા છે પરંતુ તેનો ગંભીરતાથી અમલ કર્યો નથી, પરિણામે પર્યાવરણીય પ્રદૂષણ સમાજ માટે ગંભીર સમસ્યા બની રહ્યું છે. આવી સ્થિતિમાં, સુપ્રીમ કોર્ટે આ કાર્યને પોતાના હાથમાં લીધું અને સરકારો અને અધિકારીઓને યોગ્ય નિર્દેશ આપ્યા . સુપ્રીમ કોર્ટે તેના ન્યાયિક સક્રિયતા દરમિયાન પર્યાવરણ સંરક્ષણ માટે ઘણા ઐતિહાસિક નિર્ણયો આપ્યા છે. આ ચુકાદાઓના પૃથ્થકરણ પરથી એવું પણ જણાય છે કે કોર્ટે પર્યાવરણ સંરક્ષણનો સમગ્ર બોજ પોતાના ખભા પર લઈ લીધો છે. આ કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે પાલિકા કોઈપણ બહાનું કાઢીને તમામ જવાબદારીઓમાંથી છટકી શકે નહીં. તે મેટ્રોપોલિટન મ્યુનિસિપાલિટી એક્ટ, 1961ની કલમ 123ની ફરજ નિભાવવા માટે બંધાયેલ છે.

**એમ સી મહેતા વર્સીસ ભારત સંઘ અને બીજા (AIR 1988 SC 1037) :**

આ કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે ભારતની પવિત્ર નદી ગંગા ને પ્રદૂષિત થતી અટકાવવા માટેના વિવિધ માર્ગદર્શન આપ્યા હતા. જેમાં ગંગા ભારતની પવિત્ર નદી છે તેના પાણીને શુદ્ધ અને પવિત્ર રાખવું એ સૌની ફરજ છે ગંગાની આસપાસના કેટલાક કારખાના હતા જેમાં ઉત્પાદન પ્રક્રિયા બાદ જે કચરો નીકળે તે ગંગા નદીમાં ઠાલવવામાં આવતો હતો ગંગા નદીને પાણીની પાણીની પ્રદૂષિતથી બચાવવા માટે ની આ રિટ પીટશનમાં ચામડાના કારખાનાઓને ટ્રીટમેન્ટ કર્યા વિના જ કચરો ગંગા નદીમાં ઠાલવાની પરવાનગી આપવામાં નહીં આવે કારણ કે ગંગા નદીમાં કચરો ટ્રીટમેન્ટ કર્યા વિના નાખવાની ગંગા નદીનું કારણ છે જેથી જાહેર જનતાને નુકસાન થાય છે એવું જણાવવામાં આવ્યું હતું.

**રૂરલ લીટીગેશન એન્ડ ઇન્ટાઇટલમેન્ટ કેન્દ્ર-દેહરાદુન વિ. ઉતર પ્રદેશ (AIR 1985 SC 652) :**

નામદાર સુપ્રીમ કોર્ટે આ રીટેશનમાં જિંદગી જીવવાના અધિકારના આર્ટિકલ 21 ની રૂએ દેહરાદુન વિસ્તારમાં ગેરકાયદેસર ચુનાના ખંનનને રોકવા માટે રજૂ કરેલી ફરિયાદના અનુસંધાને વિવિધ માર્ગદર્શનો આપ્યા હતા જેમાં ચુનાના ખનનથી  થતા પર્યાવરણ પ્રદૂષણ ને અટકાવવાની આદેશ આપ્યો હતો.

**એમ. સી. મહેતા વિ. ભારત સંઘ (AIR 1986 2 SCC 176) :**

આ કેસમાં નામદાર નામદાર અદાલતે જણાવ્યું હતું કે શ્રીરામ ફૂડ એન્ડ ફર્ટિલાઇઝર કંપની દ્વારા ઉત્પાદિત થતો ઓલિયમ નામક ખતરનાક ગેસ નાગરિકો માટે હાનિકારક છે જેના નિકાલ માટે કંપની દ્વારા આવશ્યક ઉપાયો રાખવામાં આવેલ ન હતા. જેથી કંપનીને કારણે આસપાસના વિસ્તારના લોકોને આરોગ્યને નુકસાની થતુ હોય જેથી એ ઉત્પાદન બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ કેસમાં ગેસ કડતર થવાથી દિલ્હીમાં મૃત્યુ થયુંતુ જાહેર થી અરજીમાં ઓપરેશન પ્લાન્ટના સંચાલન થયેલ બેદરકારીને કારણે ગળતર થી ઘટના બની હતી આથી અદાલતે રૂપિયા 20 લાખ રિપોર્ટ જમા કરવાનું અને રૂપિયા ૧૫ લાખની બેંક રજૂ કરવામાં આદેશ આપ્યો હતો તેમ જ નુકસાન થનારા જે નાગરિકો હતા તેમને પણ વળતર આપવામાં આવ્યું હતું

**કાઉન્સિલ ફોર એન્વાયરો લીગલ એક્શન ઓફ ઇન્ડિયા વિ. ભારત સંઘ (AIR 1996 4 SCC 463) :** કાઉન્સિલ ફોર એન્વાયરો લીગલ એક્શન ઓફ ઇન્ડિયા ના કેસમાં પણ દરિયા કિનારાના વિસ્તારોમાં સરકારી જાહેરનામાનો ભંગ કરી સરકાર તરફથી જ કારખાના માટે લાયસન્સ સભા તો હોવાથી અને તેનાથી પર્યાવરણને નુકસાન થતું હોવાની રજૂઆત કરવામાં આવી હતી પર્યાવરણનું નુકસાન થતું અટકાવવા માટે સર્વોચ્ચ અદાલત યોગ્ય આદેશ સારી કર્યા હતા. જે માટે ટૂંકમાં દરિયાઈ વિસ્તારના લોકોને નુકસાન થતું અટકાવ્યું હતું.

**નર્મદા બચાવો આંદોલન વિરુદ્ધ ઓફ ઇન્ડિયા અને બીજા(AIR 2000 7 SCC 264) :**

આ કેસ નર્મદા ડેમ પ્રોજેક્ટ અને તેમના બાંધકામ સમયે વિરોધ દર્શાવતા એવું જણાવ્યું હતું કે આ બંધના બાંધકામ થી ત્યાંના રહેવાતા આદિવાસી ને હટવું પડશે જેથી આર્ટીકલ 21 નો ભંગ થાય છે નર્મદા પ્રોજેક્ટ રાષ્ટ્રીય હિતમાંથી હતી ત્યાં રહેતા લોકોને ત્યાંથી હટાવવા માં આવશે તો તેના મૂળભૂત અધિકારોનો ભંગ થશે નહીં એ લોકોનો જ્યાં પુનઃ વસવાટ કરવામાં આવશે ત્યાં તેની જમીન ફાળવવામાં આવશે.

મેનકા ગાંધી વિરુદ્ધ ભારત સંઘ (**AIR 1981 SC 746**) ;

મેનકા ગાંધી વર્ષે યુનિયન ઓફ ઇન્ડિયા આ કેસમાં સુપ્રીમ કોર્ટે આર્ટિકલ 21 ના ગૌરવપૂર્ણ જીવન અધિકારનો સમાવેશ થાય છે તેમાં ઠરાવ્યું હતું કે ગૌરવ પૂર્વક જીવનમાં આ પ્રદૂષણ મુક્ત જીવનના અધિકારનો પણ સમાવેશ થાય છે જેથી દરેક વ્યક્તિને શુદ્ધ પર્યાવરણ મળવું જોઈએ.

**ઉપસંહાર :**

આમ ઉપરોક્ત જુદા જુદા કેસને ધ્યાનમાં રાખી અને કહી શકાય કે ભારતીય ન્યાયતંત્ર દ્વારા પર્યાવરણ જાણવણીના સંદર્ભમાં વિશેષ સક્રિય રીતે રાખવામાં આવી છે ખાસ કરીને એમ સી મહેતા જેવા જાહેર હિતવાદની પ્રેક્ટિસ કરનારા નાગરિકો દ્વારા પર્યાવરણ જાળવણી માટે વિવિધ માર્ગદર્શન નામદાર સુપ્રીમ કોર્ટ અને નામદાર હાઇકોર્ટ માંથી સમયાંતરે આદેશ સ્વરૂપે લાવવામાં આવ્યા છે અને નામદાર અદાલત દ્વારા પણ પર્યાવરણ જાળવણીને જિંદગી જીવવાના અધિકારની શ્રેણીમાં લઈ નાગરિકોના રક્ષક તરીકે કાર્ય કર્યું છે.

સંદર્ભ :

1. AIR 1988 SC 1037,
2. AIR 1985 SC 652,
3. AIR 1986 2 SCC 176,
4. AIR 1996 4 SCC 463,
5. AIR 2000 7 SCC 264,
6. AIR 1981 SC 746.

Certificate No.:010212202329

multidisciplinary COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (on-line)
International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**Dr. Parvez M. Bloch**

In recognition of the publication of the paper entitled

પર્યાવરણ સુરક્ષા અંગે ન્યાયિક સક્રિયતા

Published in Volume 01, Issue 02, December 2023.

**EDITOR IN CHIEF**